# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૨૪/૦૪/૨૦૧૭

**પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ મગોબ–ડુંભાલ વિસ્તારમાં સીલ મારવાની કામગીરી બાબત.**

ટી.પી. સ્કીમ નં.૩૪(મગોબ–ડુંભાલ),ફા.પ્લોટ નં.૩૩, ૩૪ માં આવેલ સરિતા વિહાર સોસાયટી વિ–૧ ના ૨૬(છવ્વીસ) જેટલા રહેણાંકના મકાનોમાં લેસ મશીન/ એમ્બ્રોઈડરી વિગેરે કોમર્શીયલ વપરાશ શરૂ કરતાં અત્રેની કચેરી મારફત બિનઅધિકૃત વપરાશ બંધ કરી રહેણાંકના હેતુમાં ફેરવવા માટે નોટીસો બજાવવામાં આવેલ. જે પૈકી ૩(ત્રણ) મિલકતદારો તરફેથી સ્વૈચ્છિક રીતે કોમર્શીયલ વપરાશ બંધ કરી, રહેણાંકમાં ફેરવવામાં આવેલ પરંતુ બાકીના ૨૩ (ત્રેવીસ) મિલકતદારોએ ઉકત નોટીસનો ધરાર અનાદર કરી કોમર્શીયલ વપરાશ ચાલુ રાખતા અત્રેથી આજરોજ સીલ મારવામાં આવેલ.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સીક્યુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં........ ૭૨
તા. ૨૪/૦૪/૨૦૧૭

# <u>પ્રેસનોટ</u>

**<u>વિષય</u>** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૧૮ થી ૨૩–૦૪–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૩૪૧ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૨૦૯૯ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૧૩૩૪ સ્થળે ચેકીગ કર્યુ, જે પૈકીપ૩૩ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨૯સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૩૪૪ ચેકી કરી જે પૈકી ૧૧૮ સંસ્થાઓને નોટીસ આપીતથા ૭સંસ્થાઓને બંધ કરાવેલ હતી.દુધની ડેરી–૨૩૯ ચેકી કરી જે પૈકી ૫૫ સંસ્થાઓને નોટીસ આપીતથા પસંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફની ફેકટરી કુલ ૨૭ સંસ્થા ચેક કરી તે પૈકી ૧૧ સંસ્થાઓને નોટીસ આપીતથા ૩ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. બરફનું વેચાણ કરનાર સંસ્થા ૮૧ ચેક કરી જે પૈકી ૩૦સંસ્થાઓને નોટીસ આપીતથા ૧ સંસ્થાને બંધ કરાવેલ હતી.

# <u>પ્રેસનોટ</u>

મે.કમિશ્નરશ્રી સાથે થયેલ મીટીંગમાં ચર્ચા થયા મુજબ રાંદેરઝોનમાં **તા.૦૩/૦૫/૨૦૧૬** ના રોજ ખાધપદાર્થોની લારી ગલ્લા, તથા હોટલ, રેસ્ટોરન્ટની કામગીરી અંતર્ગત સઘન ચેકીંગની કામગીરી માટે નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ આરોગ્ય વિભાગની ટીમના આરોગ્ય નિરીક્ષક– ૩ , મ.આરોગ્ય નિરીક્ષક–૬ દવારા **સ્કોડ કરી** કુલ ૫૮ સંસ્થાઓ ચેક કરી રાંદેરમેઈનરોડ ખાતે આવેલ (૧) ગોપી ફરસાણ (૨) વિજયડેરી (૩) જલારામ ખમણ (૪) અમુલ બેકરી (૫) ગુરુકૃપા ટ્રેડર્સ (૬) ગુજરાતી થાળી સંસ્થાઓ સહિત **૧૩ ઈસમોને નોટીસ આપી ૪૩ ઈસમો પાસે રૂા.૧૧,૨૦૦/– વહીવટીખર્ચ વસુલ કરી ૪.૦૦ કિ.ગ્રામ પ્લાસ્ટીક જપ્ત, ૧૦.૫૦૦ કિ.ગ્રામ અખાદ્ય પદાર્થ તથા ૨૪ લીટર અખાદ્ય પાણીનો નાશ** કરવામાં આવેલ.

<u>સુરત મહાનગરપાલિકા</u>

<u>યુ.સી.ડી. વિભાગ</u>

<u>અખબારી યાદી</u>

<u>સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોન વિસ્તારમાં તા. ૨૬/૦૪/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.</u>

**<u>વિષય</u> :- તા.૨૬/૦૪/'૧૭ ને બુધવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન વોર્ડ.નં.-૬ (કતારગામ), વોર્ડ નં.૭(કતારગામ-વેડ), વોર્ડ નં.-૮(ડભોલી-સિંગણપોર) સિંગણપોર કોમ્યુનીટી હોલ, સિંગણપોર, સુરત ખાતે યોજાનાર"સેવાસેતુ" કાર્યક્રમ બાબત.**

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૨૬/૦૪/'૧૭ ને બુધવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન વોર્ડ.નં.-૬(કતારગામ), વોર્ડ નં.૭(કતારગામ-વેડ), વોર્ડ નં.-૮(ડભોલી-સિંગણપોર) સિંગણપોર કોમ્યુનીટી હોલ, સિંગણપોર, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

# પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ' સ્વચ્છ ભારત મિશન અને પ્રિ–મોન્સુન' કામગીરી સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–**

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીયરીંગ વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન અઠવા વોર્ડ અંતર્ગત આવેલ

(૧) આદર્શ સોસાયટી શ્રેયંશ બંગલા નં. ૭૨ થી લુથરા કોલેજ સુધી (બન્ને બાજુ)

(૨) ભૂતમામા મંદિર થી નર્મદનગર બંગલા નં. ૭૪ સુધી (બન્ને બાજુ)

(૩) જીવન વિકાસ સોસાયટી (ગુરૂદ્વારા થી) સ્કેડ કોલેજ સુધી (બન્ને બાજુ)

(૪) આદર્શ સોસાયટી બંગલા નં. ૩૧ (એસ.એન.કે.) થી નર્મદનગર બંગલા નં. ૬૬ સુધી (બન્ને બાજુ)

સફાઈ ઝુંબેશ તા.૨૫/૦૪/૧૭ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૩૦ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૯૦ સફાઈ કામદારો/ બેલદાર, ૩૦ લોકસેવા બેલદાર, ડ્રેનેજ વિભાગના ૦૫ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. સદર વિસ્તારોમાંથી ૨૧.૦૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ તેમજ લારી–ગલ્લાનું દબાણ દૂર કરવામાં આવેલ. તેમજ ઘનિષ્ઠ સ્ક્રેપીગ/બ્રશીગ તથા સદર સફાઈ ઝુંબેશમાં ૧૩ ઈસમો પાસેથી રૂા. ૧૬,૫૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ.

(૨) પ્રિ–મોન્સુન કામગીરી અંતર્ગત ઉધના–મગદલ્લા રોડ, શનિદેવ મંદિરની સામે કાર્બાઈડ પાઉડર / ચાઈનીશ પડીકી દ્વારા પકવેલ કેરી ૧૫૦૦ કિ.ગ્રાનો નાશ કરવામાં આવેલ છે. કસૂરવાર પાસે રૂા. ૧૫૦૦૦/– વહીવટી વસુલાત કરવામાં આવેલ છે.

(૩) વી.આઈ.પી. રોડ પર બાંધકામ માટે લઈ જવાતી માટી ભરેલ ટ્રક દ્વારા જાહેર રસ્તામાં માટી પડતી બાબતે રામાણી કન્સ્ટ્રકશનની ટ્રકને જપ્ત કરી રૂા. ૧૧,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ.

(૪) સ્પ્રીગ વેલી એપાર્ટમેન્ટ, ન્યુ સીટી લાઈટ રોડ દ્વારા ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન ન લગાવવા સબબ પાણીની લાઈન કાપીને રૂા. ૫૦,૦૦૦/– વહીવટી વસુલાત વસુલવામાં આવેલ છે.

આમ કુલ ૯૨,૫૦૦/– વહીવટી વસુલાત વસૂલવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>
# પૂર્વ ઝોન (વરાછા)
# સુરત મહાનગરપાલિકા

મે.કમિશ્નરશ્રી તથા ડે.કમિશ્નરશ્રી ( હેલ્થ એન્ડ હોસ્પિ.)ના આદેશાનુસાર પૂર્વઝોન(વરાછા) ખાતે તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજ આરોગ્ય વિભાગના અશ્વનિકુમાર વોર્ડ વિસ્તારમાં આનંદનગર EWS આવાસથી ભકિતનગર માર્કેટ સુધીના આજુ બાજુના વિસ્તારમાં **સફાઈ અભિયાન** રાખવામાં આવેલ.

જે અંતર્ગત ૦૬ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૨૭ કામદારો/બેલદારો/પ્રા.હે.વર્કર સ્ટાફ મારફતે ઘનિષ્ઠ સ્ક્રેપીંગ/બ્રશીંગ અને સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.

સદર કામગીરી દરમ્યાન ૧ જે.સી.બી., ૧ ટ્રક તથા ૨ ટ્રેકટર દ્વારા ૦૩ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. ઉપરોકત જણાવેલ વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઈ કરાવી ૩૦૦ કિ.ગ્રા. જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવેલ છે.

આરોગ્ય ખાતાના વી.બી.ડી.સી. વિભાગના દ્વારા મચ્છરોના બ્રિડીંગનો નાશ માટે કુલ ૫૮૫ ઘરોનું સર્વે તથા ૧૫૦ ધરોમાં પાણીની ટાંકી નું ચેકીંગ કરવામાં આવેલ. તેમજ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા ૧૨ સંસ્થાઓ ચેક કરી ૪,સંસ્થાને નોટીસ આપેલ.

**સમગ્ર અભિયાન દરમિયાન ખાણીપીણીની સંસ્થા/ હોટલ,રેસ્ટોરન્ટ માર્કેટ ચેક કરતા ૨,સંસ્થાઓ ( ટી સેન્ટર તથા ભોજનાલય ) ૧. સોમનાથ ટી સેન્ટર તથા ૨. ભેરૂનાથ નાસ્તા એન્ડ ટી સેન્ટર માં પુષ્કળ ગંદકી જોવા મળતા આરોગ્યલક્ષી ખામીઓ બદલ બંને સંસ્થા બંધ કરાવવામાં આવેલ. તેમજ સદર વિસ્તારમાં કુલ ૧૫ ઈસમોને નોટીસ આપી કુલ ૫૫ કિ.ગ્રા.અખાધ પદાર્થનો નાશ કરવામાં આવેલ તથા રૂા.૧૪,૦૦૦/–(અંકે રૂપિયા ચૌદ હજાર પૂરા) વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.**

**સુરત મહાનગરપાલિકા**
**યુસીડી વિભાગ**
**અખબાર યાદી**

**'હુડકો એવોર્ડ ફોર બેસ્ટ પ્રેક્ટીસ–૨૦૧૬/૧૭' યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકાને એનાયત.**

**વિષય :** હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકાને 'હુડકો એવોર્ડ ફોર બેસ્ટ પ્રેક્ટીસ–૨૦૧૬/૧૭' એનાયત કરવામાં આવેલ તે બાબત.

યુસીડી વિભાગ શહેરી ગરીબી નિવારણ માટે તથા શહેરી ગરીબોને સ્વમાનભેર રોજગાર અને સ્વરોજગાર મળી રહે તે માટે પ્રયત્નશીલ રહેલ છે. યુસીડી વિભાગ દિનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય શહેરી આજીવિકા મીશન હેઠળ શહેરી ગરીબોના ઉત્થાન માટે તાલીમ, રોજગાર તથા રોજગાર માટે નાણાકિય સંસ્થાઓ સાથે જોડાણ કરવાની કામગીરી કરી રહી છે. સુરત શહેર સ્માર્ટ સીટી બનવાની હરોળમાં અગ્રેસર છે ત્યારે આવક અને તકોના માળખાને સમાન બનાવવા તથા શહેરી ગરીબોને પણ પ્રક્રિયામાં પ્રદાન કરવા સક્ષમ બનાવવા યુસીડી વિભાગ પ્રયત્નશીલ રહી સતત નવિન પ્રયોગો હાથ ધરી રહી છે.

હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા દેશમા શહેરી વિસ્તારોમાં શહેરી વિકાસ માટે કરવા કરવામાં આવતી 'બેસ્ટ પ્રેક્ટીસ'ને પ્રોત્સાહીત કરી શકાય તથા તેને અન્ય વિસ્તારોમાં પણ સ્થાનિક પરિસ્થિતિને આધિન લાગુ કરી શકાય તે માટે 'હુડકો એવોર્ડ ફોર બેસ્ટ પ્રેક્ટીસ–૨૦૧૬/૧૭' નુ આયોજન કરેલ. આ પૈકી યુસીડી વિભાગ સુરત મહાનગર પાલિકાએ મા. મ્યુ. કમિશ્નરશ્રીના માર્ગદર્શન નીચે 'હાઉસિંગ, અર્બન પોવર્ટી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર' કેટેગરી અંતર્ગત "ફાયનાન્સીઅલ ઈન્કલુઝન ઓફ અર્બન પુઅર વિમેન થ્રુ ઈન્કમ જનરેશન એકટીવિટી" થીમ હેઠળ યુસીડી વિભાગ દ્વારા શહેરી ગરીબોને રોજગારી સાથે જોડાણ માટે કરવામાં આવતી વિવિધ કામગીરી જેવી કે રાખી/નવરાત્રી મેળા, માટીની મુર્તિની તાલીમ, મુદ્રા લોન મેળા, સેવાસેતુ કાર્યક્રમ, સફલ એપ, સખી મંડળોનુ હાઉસકિપીંગની કામગીરી જોડાણ વગેરે અંતર્ગત નોમીનેશન કરેલ. આ નોમીનેશનના સંદર્ભમાં હુડકો ટીમ દ્વારા તા.૧૫/૦૪/૨૦૧૭ ના રોજ રૂબરૂ મુલાકાત લઈ તમામ પ્રવૃતિઓની ચકાસણી કરેલ હતી.

'હુડકો એવોર્ડ ફોર બેસ્ટ પ્રેક્ટીસ–૨૦૧૬/૧૭' માટે દેશમાંથી કુલ ૦૬, તે પૈકી ગુજરાતમાંથી માત્ર યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકાની પસંદગી કરવામાં આવેલ. એવોર્ડ ડિસ્ટ્રીબ્યુશન સેરેમની તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજ ઈન્ડિયા હેબીટાટ સેન્ટર, ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ જેમાં ડો.ગાયત્રી જરીવાલા, આસી. કમિશ્નર, સુરત મહાનગરપાલિકા તથા શ્રી આર.સી. પટેલ પ્રો.ઓફિસર, યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકા ઉપસ્થિત રહી કેન્દ્રીય મંત્રીશ્રી, હાઉસિંગ એન્ડ અર્બન પોવર્ટી એલીવેશન શ્રી વૈકયા નાયડુના હસ્તે એવોર્ડ સ્વીકારેલ. વધુમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ સુરત મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી હતી.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદિ નં. 0078 . 4

તા. ૨૫/૦૪/૨૦૧૭


दिवस
DAY


47 वां स्थापना दिवस
DAY


47 वां स्थापना दिवस


47 वां स्थापना दिवस


April, 2017

**"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૪/૧૭થી ૩૦/૦૪/૧૭ દરમ્યાન ઐતિહાસિક/ધાર્મિક સ્થળોની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૧૬/૦૪/૧૭ થી તા.૩૦/૦૪/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૧૮/૦૪/૧૭નાં રોજ **"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે તા.૨૧/૦૪/૧૭ સુરત શહેરમાં આવેલ ઐતિહાસિક/ધાર્મિક સ્થળોની આસપાસ રીપેરીંગ/મેન્ટેનન્સ, પેચકામ, ખાડા પુરવા, ફુટપાથ રીપેરીંગ, જાળીયા રીપેરીંગ/વોટરટેબલ રીસેટ તથા જાળીયાને કલર કરી–વોલ માર્કીંગ કરવા તેમજ કરવાજોગ કામગીરીનું લીસ્ટ બનાવી કામગીરીની ગોઠવણ કરવી તેમજ ધર્મગુરૂઓ, વડાઓ પાસે સફાઈ જળવાઈ રહે સુંદરતા જણાય તે માટે સજેશન લેવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૧/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગ, મંદિર/મસ્જિદમાં ટ્રસ્ટીઓ, ધર્મગુરૂ, નગરજનોની સંયુકત ટીમો બનાવી ઈજનેર વિભાગની ટીમ ધ્વારા ઔતિહાસિ/ધાર્મિક સ્થળોની આસપાસનાં રસ્તા પરનાં ખાડાઓ પુરાણ કરાવી, પેચકામની કામગીરી પુરી કર્યા બાદ ફુટપાથ, જાળીયા, વોટરટેબલની મરામત કરાવી જાળીયાનાં અંદરનાં ભાગે સફાઈ, રંગકામની કામગીરી ઈજનેર વિભાગ ધ્વારા પુરી કરાવ્યા બાદ આરોગ્ય વિભાગની ટીમ ધ્વારા સદર સ્થળોએ ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો–કચરા મીશ્રિત માટી ઉપડાવી જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| ચેક કરેલ ધાર્મિક/ ઔતિહાસિક સ્થળો | ભાગ લેનાર | | | સ્થળની આજુબાજુના જાળીયા | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| | ભકતજનો/નાગરીકો/ ધર્મગુરૂઓ | સુપરવાઈઝર | કામદારો | | | |
| ૯૧ | ૫૯ | ૩૮ | ૧૨૦ | ૧૩૯ | ૦.૫૮૦ | ૧૫૯ |

વધુમાં આ ટીમો ધ્વારા ધાર્મિક/ઔતિહાસિક સ્થળોની આજુબાજુ રહેતા નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ કચરાનું વર્ગીકરણ કરી ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગર પાલિકા

## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

૮૦

# વિશ્વ મેલેરિયા દિન ૨૫ એપ્રિલ

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ૨૫ એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા દિનની ઉજવણી કરવામાં આવેલ છે જે અંતર્ગત જનજાગૃતિ માટે શહેરનાં  વિવિધ વિસ્તારોમાં  લોકોની મહત્તમ અવરજવરવાળા જાહેર સ્થળોએ, આરોગ્યકેન્દ્ર,ઝોન ઓફિસ, ,ટ્રાફિક સર્કલ પર, સરકારી ઇમારતો વિગેરે પર મચ્છરજન્યરોગોથી બચવાના ઉપાયો તેમ જ રોગની જાણકારી આપવામાં આવેલ છે. વિશ્વ મેલેરિયા દિન નિમિત્તે તમામ ઝોનની વિવિધ શાળાઓ, મેલેરિયા માટે સંવેદનશીલ વિસ્તારોની સોસાયટીઓ/સ્લમમાં, બાંધકામ વિસ્તારમાં મચ્છરજન્યરોગની જાણકારી આપવા પ્રદર્શન શિબીરો ગોઠવી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ તથા ઝોન વિસ્તારમાં રેલી નું આયોજન કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી હતી તમામ ઝોનમાં આજે **તા૨૫/૦૪/૧૭** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે  "વર્લ્ડ મેલેરીયા ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં રાજાવાડી, રોહીત ફળીયા સ્કુલ, કિલ્લાનું મેદાન, ચોકબજાર, લક્કડકોટ, કાજીનું મેદાન, ગધેવાન ટેકરો, કાપચીવાડ, હરીવંશીની શેરી, ચિડિયાકુઈ,પઠાણવાડ જેવા વિસ્તારોમાં, રાંદેરઝોનમાં ભગવાન પાર્ક, મહાદેવનગર, રેવાનગર, ભરવાડ વસાહત, ભરમ પેલેસ,સંતતુકારામ વિભાગ–૦૬, સરસ્વતિ સોસાયટી,સાઈટ એન્ડ સર્વિસ,ગંગાનગર,ઉગત હળપતિ વાસ.  જેવા વિસ્તારોમાં, ઉધનાઝોનમાં સંજયનગર, ભીમનગર, મફતનગર, હરિઓમનગર, પુનિતનગર, એચ ૧૫ આવાસ,અકરમનગર, જયઅંબેનગર, મોહમદીનગર જેવા વિસ્તારોમાં, લિંબાયતઝોનમાં બેઠી કોલોની, રમાબાઈ ચોક, રામનગર, પંચશીલનગર, સંજયનગર,માતૃભુમિ સ્કુલ, જય જલારામનગર, ઈશ્વરપુરા, ભરવાડ વસાહત, નિલકંઠનગર, મહારાણા પ્રતાપનગર, સંતોષનગર, ગીતાનગર,હળપતિવાસ. જેવા  વિસ્તારોમાં, અઠવા ઝોનમાં નવો મોહલ્લો, પનાસગામ ખેતીવાડી ફાર્મ, યુ.પી.નગર, હળપતિવાસ પીપલોદ, તળાવ વાળા સુડા આવાસ, હેપ્પી ગલોરીયસ, આઝાનગર, હળપતિવાસ, એસ.એમ.સી.આવાસ, ભીમરાડ આહીર મોહલ્લો, રાહુલરાજ મોલ જેવા વિસ્તારોમાં, કતારગામઝોનમાં લક્ષ્મી નગર,અપ્સરાનગર,ફુલવાડી,રિવરવ્યુ સોસા.,નહેરૂ નગર, રહેમત નગર, કિસ્મત કોલોની, લલીતા શાક માર્કેટ, પટેલ વાડી, નગીના વાડી, હળપતિવાસ, ઈન્દિરાનગર સમતાનગર,ઉત્રાણ, કોસાડ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં જમાલચાચાની ચાલ, ભવાનીનગર, જાડાબાવાનો ટેકરો, મહાદેવનગર, રણુજાધામ સો., અંજની સો., રાધાકૃષ્ણા સો., ઠાકોરધ્વાર સો. જેવા વિસ્તારોમાં  કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં........

–૪૬૭૩૨ ઘરોમાંથી ૧૦૭૫૨૨ બ્રિડીંગસ્પોટનો સર્વે કરી ૩૧૨  બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

– આરોગ્ય રક્ષણ સંબંધી ૧૩૩ નોટિસ આપવામાં આવી અને ૯૨ ઇસમો પાસેથી રૂ. ૧૨૫૯૦૦/–  વહીવટી ખર્ચ વસુલ કરવામાં

આવ્યો.

–૩૧૪ બાંધકામ ચેક કરવામાં આવ્યા.

–૩૫૫૪૪ કંટેનરોને ટેમીફોસ ટ્રીટમેન્ટ આપવામાં આવી.

–૭૩૦ નકામા કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો.

–૩૮૦૩ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવ્યા.

–કુલ ૮૦૫ સ્થળોએ૩૬૨૨૫ વ્યકિતઓનેઆરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું તેમજ પેમ્ફલેટ નું વિતરણ કરવામાં આવ્યું.

–૭૦૭૬ સ્ટીકર જાહેર સ્થળોએ લગાવવામાં આવ્યા.

–૧૨૩૧૭ વ્યકિતઓ એ પ્રદર્શન શિબિરો માં ભાગ લીધેલ હતો.

"વર્લ્ડ હેરીટેજ ડે" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૨/૦૪/૧૭ના રોજ ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્યવિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૧૮/૦૪/૧૭ના રોજ " **વર્લ્ડ હેરીટેજ ડે**" નિમિતે તા.૨૨/૦૪/૧૭ ના રોજ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૨/૦૪/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ વી.બી.ડી.સી./આરોગ્યનો સ્ટાફ તેમજ NGOના પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૬,૦૯૨ | ૭૯,૧૨૦ | ૨૫૧ | ૧૨,૪૪૪ | ૮૫૫ | ૧૯૭૯ | ૯૨ | ૭૭,૫૦૦ | ૯૬ | ૨૫,૩૮૭ | ૮૭૭૧ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરના ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0081

તા.૨૬/૦૪/૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

"વર્લ્ડ હેરીટેજ ડે" નિમીતે સરકારશ્રી દ્વારા તા. ૧૬/૦૪/૧૭થી ૩૦/૦૪/૧૭ દરમ્યાન ઐતિહાસિક/ધાર્મિક સ્થળોની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૧૬/૦૪/૧૭ થી તા.૩૦/૦૪/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૧૮/૦૪/૧૭નાં રોજ "વર્લ્ડ હેરીટેજ ડે" નિમીતે તા.૨૪/૦૪/૧૭ સુરત શહેરમાં આવેલ ચર્ચની આસપાસ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૪/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનમાં આવેલ આરોગ્ય/ઈજનેર વિભાગ ની સંયુકત ટીમો ધ્વારા આવેલ ચર્ચની આજુબાજુના વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ હતી. ત્યાર બાદ કચરો-કચરામિશ્રીત માટી ઉપાડાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ હતો.

| સફાઈ અર્થે આવરી લિધેલ ચર્ચની સંખ્યા | ચર્ચની સફાઈ કામગીરીમાં ભાગ લેનાર | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|
| | ભકતજનો/નાગરીકો/ધર્મગુરૂઓ | સુપરવાઈઝર | કામદારો | | |
| ૧૧ | ૧૭ | ૧૮ | ૨૬ | ૦.૨૬૫ | ૯૫ |

વધુમાં આ ટીમો ધ્વારા ધાર્મિક/ઐતિહાસિક સ્થળોની આજુબાજુ રહેતા નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ કચરાનું વર્ગીકરણ કરી ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ આપવવામાં આવેલ હતું.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0082
તા.૨૬/૦૪/૧૭
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

"વર્લ્ડ હેરીટેજ ડે" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૪/૧૭થી ૩૦/૦૪/૧૭ દરમ્યાન ઐતિહાસિક/ધાર્મિક સ્થળોની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૧૬/૦૪/૧૭ થી તા.૩૦/૦૪/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૧૮/૦૪/૧૭નાં રોજ "વર્લ્ડ હેરીટેજ ડે" નિમીતે તા.૨૫/૦૪/૧૭ સુરત શહેરમાં આવેલ ઐતિહાસિક તેમજ ધાર્મિક સ્થળોએ ધર્મનાં ગુરૂઓ, વડાઓને સાથે રાખી પ્રતિબંધિત પ્લાસ્ટીક ન વાપરવા માટે જનજાગૃતિ અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૫/૦૪/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓએ ઝોનમાં આવેલ ઐતિહાસિક/ધાર્મિક સ્થળોએ પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરે તે માટેની જનજાગૃતિ લાવવા માટે રેલીનું આયોજન કરી દરેક ધાર્મિક સ્થળોની આજુબાજુ પોસ્ટર/બેનરો સાથે કોમર્શીયલ કોમ્પલેક્ષોમાં આવેલ સંસ્થાઓમાં રેલી ધ્વારા પ્રચાર કર્યા બાદ આરોગ્ય વિભાગની ટીમ ધ્વારા સદર સ્થળોએ આવેલ પ્રતિબંધિત પ્લાસ્ટીકનું ઘનિષ્ઠ ચેકીંગ હાથધરી નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

| ધાર્મિક/ ઐતિહાસિક સ્થળોએ રેલીની સંખ્યા | પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત તથા સફાઈ/રેલીમાં ભાગ લેનાર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ભકતજનો/ નાગરીકો/ ધર્મગુરૂઓ | સુપરવાઈઝર | કામદારો | પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત (કિ.ગ્રામ) | ઈસમ | વસુલ કરેલ વહીવટી ચાર્જ | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
| ૯ | ૩૯૦ | ૧૮ | ૧૧૨ | ૧૫ | ૧૪ | ૩૦૦૦ | ૦.૧૫૦ | ૫૫ |

વધુમાં આ ટીમો ધ્વારા ધાર્મિક/ઐતિહાસિક સ્થળોની આજુબાજુ રહેતા નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ કચરાનું વર્ગીકરણ કરી ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0083

તા.૨૬/૦૪/૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# <u>પ્રેસનોટ</u>
# પૂર્વ ઝોન (વરાછા)
# સુરત મહાનગરપાલિકા

મે.કમિશ્નરશ્રી તથા ડે.કમિશ્નરશ્રી ( હેલ્થ એન્ડ હોસ્પિ.)ના આદેશાનુસાર પૂર્વઝોન(વરાછા) ખાતે તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજ આરોગ્ય વિભાગના અશ્વનિકુમાર વોર્ડ વિસ્તારમાં આનંદનગર EWS આવાસથી ભકિતનગર માર્કેટ સુધીના આજુ બાજુના વિસ્તારમાં **સફાઈ અભિયાન** રાખવામાં આવેલ.

જે અંતર્ગત ૦૬ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૨૭ કામદારો/બેલદારો/પ્રા.હે.વર્કર સ્ટાફ મારફતે ઘનિષ્ઠ સ્ક્રેપીંગ/બ્રશીંગ અને સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.

સદર કામગીરી દરમ્યાન ૧ જે.સી.બી., ૧ ટ્રક તથા ૨ ટ્રેકટર દ્વારા ૦૩ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. ઉપરોકત જણાવેલ વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઈ કરાવી ૩૦૦ કિ.ગ્રા. જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવેલ છે.

આરોગ્ય ખાતાના વી.બી.ડી.સી. વિભાગના દ્વારા મચ્છરોના બ્રિડીંગનો નાશ માટે કુલ ૫૮૫ ઘરોનું સર્વે તથા ૧૫૦ ઘરોમાં પાણીની ટાંકી નું ચેકીંગ કરવામાં આવેલ. તેમજ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા ૧૨ સંસ્થાઓ ચેક કરી ૪,સંસ્થાને નોટીસ આપેલ.

**સમગ્ર અભિયાન દરમિયાન ખાણીપીણીની સંસ્થા/ હોટલ,રેસ્ટોરન્ટ માર્કેટ ચેક કરતા ૨,સંસ્થાઓ ( ટી સેન્ટર તથા ભોજનાલય ) ૧. સોમનાથ ટી સેન્ટર તથા ૨. ભેરૂનાથ નાસ્તા એન્ડ ટી સેન્ટર માં પુષ્કળ ગંદકી જોવા મળતા આરોગ્યલક્ષી ખામીઓ બદલ બંને સંસ્થા બંધ કરાવવામાં આવેલ. તેમજ સદર વિસ્તારમાં કુલ ૧૫ ઈસમોને નોટીસ આપી કુલ ૫૫ કિ.ગ્રા.અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ તથા રૂા.૧૪,૦૦૦/–(અંકે રૂપિયા ચૌદ હજાર પૂરા) વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.**

૮૫

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## અખબારી યાદી

**સુરત મહાનગરપાલિકા નોર્થ ઝોન વિસ્તારમાં તા. ૨૬/૦૪/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમની કામગીરીની વિગત.**

**વિષય** : તા. ૨૬/૦૪/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન સિંગણપોર કોમ્યુનીટી હોલ,સિંગણપોર સુરત ખાતે યોજાયેલ સેવાસેતુની વિગત

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોક ઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૨૬/૦૪/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન સિંગણપોર કોમ્યુનીટી હોલ,સિંગણપોર સુરત ખાતે સુરત મહાનગરપાલીકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલકાર્યક્રમમાં નગરનિયોજન સમિતિ અધ્યક્ષશ્રી વિનુભાઇ મોરડીયા આવકાર પ્રવચન આપતા જણાવેલ કે "સેવાસેતુ" કાર્યકમ થકી લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ સ્થળ ઉપર જ આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. દંડકશ્રી ગુજરાત વિધાનસભા શ્રી અજયભાઈ ચોકસીએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે સરકાર સેવાસેતુ થકી જન્મથી મરણ સુધી વિવિધ સેવાઓ એક જ સ્થળે અને લોકોને તેના જ વિસ્તારમાં સેવા પુરી પાડવામાં આવી છે. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલીએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે સેવાસેતુ એ સરકાર અને પ્રજા વચ્ચેનો સેતુ છે જેમા સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓને એક જ સ્થળ સરળતાથી મળી રહે તેવુ આયોજન સુરત મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવ્યુ છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસક પક્ષ નેતામ શ્રી ગીરજાશંકર મીશ્રા, કમિશનરશ્રી એમ થેન્નારસન ., ગ્રુહનિર્માણ અને ઉધાન સમિતિ અધ્યક્ષશ્રી શ્રીમતી રંજનબેન સરતાનપરા તેમજ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

મ્યુ. કોર્પોરેટરશ્રી રત્નાબેન કુલે એ આભારવિધી કરતા જણાવ્યું હતુ કે સામાન્ય લોકોને જાણકારીના અભાવે વિવિધ દાખલાઓ મેળવવા મુશ્કેલ પડે છે.લોકોની સમસ્યા દુર કરવા તેમના જ વિસ્તારમાં તેમને યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તેવો સરકારશ્રીનો આ પ્રયાસ ખુબ જ સરાહનીય છે.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા કુલ ૫૬ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ ૧૧૬૦ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.







"વર્લ્ડ હેરીટેજ ડે" નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૪/૧૭થી ૩૦/૦૪/૧૭ દરમ્યાન ઐતિહાસિક/ધાર્મિક સ્થળોની સફાઈ ઝુંબેશ કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને-૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવામાં આવનાર છે.

માહે એપ્રિલ ૨૦૧૭ની તા.૧૬/૦૪/૧૭ થી તા.૩૦/૦૪/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૧૮/૦૪/૧૭નાં રોજ **"વર્લ્ડ હેરીટેજ ડે"** નિમીતે  તા.૨૬/૦૪/૧૭ સુરત શહેરમાં આવેલ ઐતિહાસિક તેમજ ધાર્મિક સ્થળોની આસપાસ હેલ્થ એન્જીનીયરીંગ સંકલિત ગ્રુપ સફાઈ કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૬/૦૪/૧૭નાં રોજ કાર્યપાલક ઈજનેરશ્રી અને આરોગ્ય અધિકારીશ્રીઓએ તેઓનાં ઝોનમાં આરોગ્ય/ઈજનેર વિભાગની સંકલિત ટીમો બનાવી ઝોનમાં આવેલ ધાર્મિક/ઐતિહાસિક સ્થળોની આજુબાજુ નાં રસ્તાઓ ઉપર ખાડાઓ પુરાવી વોટરટેબલ, ફુટપાથ રીપેરીંગ, જાળીયા સફાઈની કામગીરી તેમજ રસ્તાઓનું પેચવર્કની કામગીરી ઈજનેર વિભાગની ટીમ ધ્વારા કરાવ્યા બાદ આરોગ્ય ટીમો ધ્વારા સદર સ્થળોનાં રસ્તાઓ બ્રશ-બુટારાથી સફાઈ તેમજ સાઈડ સ્ક્રેપીંગ વિગેરે કરાવી કચરો-કચરામિશ્રીત માટીનાં ઢગલાઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવામાં આવેલ હતો. ત્યારબાદ જાહેરમાં ન્યુસન્સ કર્તા ઈસમોને નોટીસ પાઠવી વહીવટી ચાર્જ પણ આ ટીમો ધ્વારા વસુલ કરાવવામાં આવેલ હતો.

| સ્થળની સંખ્યા | આરોગ્ય/ઈજનેર સંકલિત સફાઈમાં ભાગ લેનાર | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક દવાનો છંટકાવ (કિ.ગ્રામ) |
|---|---|---|---|---|---|
| | ભક્તજનો/નાગરીકો/ ધર્મગુરૂઓ | સુપરવાઈઝર | કામદારો | | |
| ૭૩ | ૬૩ | ૫૪ | ૧૪૭ | ૦.૮૦૨ | ૧૬૦ |

વધુમાં આ ટીમો ધ્વારા ધાર્મિક/ઐતિહાસિક સ્થળોની આજુબાજુ રહેતા નાગરીકોને સ્વચ્છતા રાખવા તેમજ કચરાનું વર્ગીકરણ કરી ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ આપવવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 0086

તા.૨૭/૦૪/૧૭

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૮૭

# પ્રેસનોટ

મા. કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશાનુસાર અને મે.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનમાં પ્રીમોન્સુન અને ગરમીની ઋતુને ધ્યાને લઈ તા.૨૫/૦૪/૧૭ અને તા.૨૬/૦૪/૧૭ ના રોજ ૦૩ (ત્રણ) મુખ્ય આરોગ્ય નિરીક્ષકોની ૦૩ ટીમ બનાવીને આરોગ્યલક્ષી સ્કવોડ કાઢવામાં આવેલ. જે ૦૧ ટીમમાં ૦૭ થી ૦૮ સુપરવાઈઝરો તેમજ બેલદારો મળી વરાછા ઝોનના આરોગ્ય સેનીટેશનના લંબેહનુમાન તેમજ કરંજ–એ વોર્ડ વિસ્તારના ૧.રાધા કૃષ્ણ મેઈન રોડ, ૨.ઈશ્વરકૃપા મેઈન રોડ, ૩.વીર ભગતસિંહ ગાર્ડન રોડ, ૪. કુબેનગર રોડ, ૫. બોમ્બે માર્કેટ રોડ, ૬. સંત તુલસીદાસ ગાર્ડન મેઈન રોડ પર ખાણી–પીણીની લારીઓ, જયુસની લારીઓ, બરફના ગોળા, કેરીની વખારો વિગેરેનું સઘન ચેંકીગ હાથ ધરવામાં આવેલ.

સમગ્ર અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ૩૪ ઈસમોને નોટીસ આપી કુલ ૨૦૬ ઈસમો/સંસ્થા પાસેથી કુલ રૂા.૭૩,૨૦૦/– (અંકે રૂપિયા તોતેર હજાર બસો પુરા) વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ કુલ ૨૨૪ કિ.ગ્રા અખાદ્ય ખોરાકનો નાશ કરી ૧૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ
## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા નોર્થ ઝોન વિસ્તારમાં તા.૨૭/૦૪/૧૭ ને ગુરૂવાર ના રોજ નાની બહુચરાજી વિસ્તારમાં આવેલ પાલિયા દરવાજા થી ભરીમાતા રોડ તેમજ ફુલવાડી વિસ્તારમાં કરવામાં આવેલ સફાઈ ઝુંબેશ જેમા આરોગ્ય વિભાગ ધ્વારા અને એન્જીનીયરીંગ વિભાગની સંકલિત ગૃપ સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ હતી.

આરોગ્ય વિભાગ ધ્વારા ૧૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૨૩ નોટીસ આપવામાં આવેલ તેમજ જાહેરમાં ન્યુસન્સકર્તા ૫૮ ઈસમો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા. ૫૩,૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટિક ૧૩.૧૦૦ કિ.ગ્રા. જપ્ત કરેલ છે. તેમજ પાલિયા ફુલવાડી રોડ પર આવેલ **પ્લોટ નં.૪૮–૪૯ યુનાઈટેડ ઈન્ડ. માં "બાપજી ફુડ" બટ્ટી વમ્મી નુડલ્સ , ની ફેકટરી માં નાયબ આરોગ્ય અધિકારી, મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક તેમજ મદદનીશ આ.નિ. ધ્વારા રૂબરૂ સ્થળ તપાસ કરતા આ સંસ્થા માં ગંદકી જણાતા સંસ્થાને બંધ કરાવેલ છે.** જેને વહિવટી ચાર્જ તરીકે રૂા. ૧૫,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.વધુમાં નજીકમાં આવેલ ઠંડા પીણાની ફેકટરી કુતુબ માં ચકાસણી દરમ્યાન આરોગ્ય લક્ષી ખામી બાબતે રૂા. ૭,૦૦૦/– વ.પ.ચાર્જ વસુલ કરેલ છે. આરોગ્ય લક્ષી ચકાસણી દરમ્યાન ૧૬ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે. તથા વી.બી.ડી.સી ધ્વારા પાણીજન્ય રોગો અને મચ્છરજન્ય રોગોની અટકાયત બાબતે પ્રચાર ધ્વારા પ્રસાર કરવામાં આવેલ છે. સ્થળ તપાસ દરમ્યાન મળેલ ૦૧ ડ્રેનેજ ઓવરફ્લોની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિસ્તારમાં તથા કન્ટેનર સ્પોટની આજૂબાજૂ ૨૦૦ કિ.ગ્રા. જેટલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. ડેબ્રીસના ઢગલાઓ ઉપાડવામાં આવેલ છે. .

વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૩૪૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૨ વ્યક્તિની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૦૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૬ ઈસમને નોટીસ આપવામાં આવી તથા રૂા.૧૧,૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ છે. તથા ૨૨ જેટલા ટાયર, કેરબા તથા ડબ્બા વિગેરેનો પડતર સામાન જપ્ત કરેલ છે. તેમજ મચ્છરજન્ય રોગોની ઉત્પતિસ્થાન નાશ સ્થળોની તપાસના ભાગરૂપે ૧૭૨ જગ્યાએ ઓવરહેડ તેમજ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓનું ચેકીંગ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સફાઈ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ ના સેનીટેશન અને વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ચકાસણી ખામી જણાતા કુલ્લે ૫૮ ઈસમો પાસેથી વ.પ.ખર્ચ પેટે કુલ્લે ટોટલ રૂા.૫૩,૭૦૦/– વસુલ કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0088
તા.૨૭/૦૪/૧૭

૮૯

: પ્રે સ નો ટ :

**મિલકતવેરાના બાકી માંગણા બાબતે**

**એ.કે.રોડ વિસ્તારમાં આવેલ રિધ્ધિ સીલ્ક મીલ્સને સીલ મારતું વરાછાઝોન**

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮ડી, અશ્વનીકુમાર રોડ ખાતે આવેલ રિધ્ધિ સિલ્ક મીલ્સ નો સને ૨૦૧૬–૧૭ નો મ્યુ. વેરા પેટે ચેકો આપવામાં આવેલ. જે રીટર્ન થતાં તેમજ ઘણાં લાંબા સમયથી મિલકતવેરો રૂા.૬ લાખથી વધુ જેટલી રકમ ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ તરફથી મિલકતવેરાનાં નાણાં ન ભરાતાં આસી.મ્યુ. કમિશ્નરશ્રી (વરાછાઝોન) નાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા સામુહિક ઝુંબેશ હાથ ધરી સદર ચાલુ મીલને ખાલી કરાવી ટાંચમાં લઈ સીલ મારવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ મિલકત વેરો બાકી પડે છે, તેવી મિલકતો સીલ કરી વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી બાકી કરદાતાઓને બાકી નીકળતો મિલકતવેરો તેમજ વ્યવસાયવેરો સમયસર ભરપાઈ કરવા આકારણી અને વસૂલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

::::::::::::

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા
તરફથી સાદર સમાચાર યાદી
નં. 0089

૨૫-૧૧-૧૭

# <u>પ્રેસનોટ</u>

**<u>વિષય</u>** : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૨૪ થી ૨૬–૦૪–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ઘ્યાનેઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૯૭ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૬૨૧કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાધ પદાર્થોનું ૬૮૯ સ્થળે ચેકીગ કર્યુ, જે પૈકી૨૭૫ સંસ્થાઓને નોટીસ આપી તથા ૨૨સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાધ પદાર્થ વેચતી સંસ્થાઓ ૧૯૦ ચેકી કરી જે પૈકી ૬૮ સંસ્થાઓને નોટીસ આપીતથા ૪સંસ્થાઓને બંધ કરાવેલ હતી.દુધની ડેરી–૧૬૭ ચેકી કરી જે પૈકી ૪૦ સંસ્થાઓને નોટીસ આપીતથા ૨સંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફની ફેકટરી કુલ ૧૪ સંસ્થા ચેક કરી તે પૈકી ૭સંસ્થાઓને નોટીસ આપીતથા ૨સંસ્થાઓને બંધ કરાવેલ હતી. બરફનું વેચાણ કરનાર સંસ્થા ૫૨ ચેક કરી જે પૈકી ૨૭સંસ્થાઓને નોટીસ આપીતથા ૨સંસ્થાને બંધ કરાવેલ હતી.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૨૭/૦૪/ ૨૦૧૭

**પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં રીઝર્વેશન પ્લોટના કબ્જા મેળવવાની કામગીરી બાબત.**

પ્રિ.ટી.પી. સ્કીમ નં.૨૪(મોટા વરાછા–ઉત્રાણ), માં આવેલ ફા.પ્લોટ નં.૧૬૯(આર–૧૮) કે જે સેલ ફોર રેસીડેન્સીયલ હેતુ માટે અનામત રાખવામાં આવેલ છે. સદર પ્લોટમાં આવેલ હયાત બાંધકામ તોડવાની કાર્યવાહી હાથ ધરી, કુલ પ્લોટ એરિયા ૧૪૭૨૪.૦૦ ચો.મી. પૈકી આશરે ૧૨૯૪૬.૦૦ ચો.મી. રીઝર્વેશન પ્લોટનો કબ્જો મેળવવામાં આવ્યો. વધુ માં વહીવટી ચાર્જ પેટે રૂા.૧૧૦૦૦/– વસુલવામાં આવેલ.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

**:: પ્રેસનોટ ::**

## સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫ મે થી ૫ જુન ૨૦૧૭ તથા તા.૧૦ થી ૩૧ મે ૨૦૧૭ દરમ્યાન આયોજીત સમર કેમ્પ**

સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૫/૦૫/૨૦૧૭ થી તા.૦૫/૦૬/૨૦૧૭ દરમ્યાન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત તથા તા.૧૦ થી ૩૧ મે ૨૦૧૭ દરમ્યાન એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતે અલગ અલગ વયગૃપ માટે "સમર કેમ્પ"માં વિવિધ કોર્ષ માટેનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | વિષય | વયગૃપ | પ્રવેશફોર્મ મેળવવા અને પરત કરવાનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | બાળ નાટ્ય શિબિર | ૭ થી ૧૪ વર્ષના બાળકો માટે | સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત |
| ૨ | નાટ્ય શિબિર | ૧૫ વર્ષથી ઉપરના વયગૃપ માટે | |
| ૩ | સેમી કલાસીકલ ડાન્સ / ફોક ડાન્સ | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | |
| ૪ | વેર્સ્ટન ડાન્સ | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | |
| ૫ | કથ્થક નૃત્ય | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | |
| ૬ | શોર્ટ ફિલ્મ મેકીંગ કેમ્પ | ૧૪ વર્ષથી ઉપરના વયગૃપ માટે | એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત |

આ સમર કેમ્પની વિવિધ કોર્ષમાં શહેરના નાટ્ય જગત અને કલા ક્ષેત્રના તજજ્ઞો પોતાના અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરુ પાડશે. સમરકેમ્પના વિવિધ કોર્ષના શિબિરમાં શિબીરાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે નિર્ધારીત ફી લઈને પ્રવેશ આપવામાં આવશે. સમર કેમ્પમાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોક બજાર, સુરત તથા એ. વી. રૂમ, નર્મદ લાઈબ્રેરી, ઘોડદોડ રોડ, સુરત ખાતેથી તેમજ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી મળી શકશે. ભરેલા પ્રવેશફોર્મ, પ્રવેશ ફી, ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી, પાસપોર્ટ સાઈઝ ફોટા સહિત તા.૦૫/૦૫/૨૦૧૭ સુધી પરત કરવાના રહેશે.

# <u>પ્રેસનોટ</u>

## <u>સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાનાઓ આવતા સોમવારે તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ સંપૂર્ણ બંધ રહેશે.</u>

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ તેમના ઠરાવ નં.૬૦૩/૨૦૧૭, તા.૨૭/૦૪/૨૦૧૭ થી શ્રી સુરત શહેરના ગૌરવ સમાન ધર્મ, સંસ્કૃતિ તથા આત્મધર્મને ઉજાગર કરતી જૈન સમાજની ભવ્ય દીક્ષા મહોત્સવ નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાનાઓ સોમવારને તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ સંપૂર્ણ બંધ રાખવાનું ઠરાવેલ હોય તમામ કતલખાનાઓ તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ બંધ રહેશે જેની તમામ લાગતા વળગતા ઈસમો/ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.